**<u>આંક– ૧ લગત હુકમ</u>**

**(૧)** હાલના કામે આંક–૧ થી રજુ ખાનગી ફરિયાદ ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ભારત સરકાર દ્વારા ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ ૧૯૭૩ની કલમ ૫૬ તથા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ ૧૯૯૯ની કલમ ૪૯ ના પ્રબંધો હેઠળ તા.૦૨/૦૫/૨૦૦૧ના રોજ આરોપી (૧) મેસર્સ લેબલ લેમીનેટ્સ તથા (૨) રમણીકલાલ સી. પટેલ નાઓ વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ છે.

(૨) વધુમાં, આંક–૧ની ફરિયાદ તા.૦૨/૦૫/૨૦૦૧ના રોજ દાખલ થતા મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રી દ્વારા સદરહું ફરિયાદના અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ ગુનાનુ સંજ્ઞાન લઈ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટની કલમ–૫૬ મુજબ આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે શરૂઆતી તબક્કે આરોપી નં.૧,૨ ને પ્રોસેસની બજવણી થતાં તેઓ તેમના વકિલશ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ ચાલુ ટ્રાયલના કામે આ કામના આરોપી નં.૧,૨ નાઓ ગેરહાજર રહેતા તેઓ સામે અવારનવાર સમન્સ/પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે.

(૪) રેકર્ડ પરની સમગ્ર હકિકતો લક્ષમાં લેતા આ કામના આરોપી નં.૨ ઉપર ઘણા લાંબા સમયથી પ્રોસેસ/સમન્સની બજવણી થયેલ નથી. સદરહું ફરિયાદનુ કામ સને–૨૦૦૧ના વર્ષનું એટલે કે લગભગ ૨૪ વર્ષ જેટલું જુનુ હોવાથી આરોપી નં.૨ નાઓ ઉપર પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવા ફરિયાદ પક્ષને વધુ સમય આપવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ ન હોઈ આ કામે ફરિયાદ પક્ષ તે આરોપી નં.૨ નાઓ ઉપર પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ધ્યાને લેતા,આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

(૫) ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં

નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. હોઈ તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(ડી.એચ.ખંભાતી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોડ : જીજે–૦૦૮૬૬

તા. ૧૬/૦૬/૨૦૨૫
અમદાવાદ (સીટી).